ગાંધીનગર સમાચાર

સમર્પણ કોલેજ ખાતે
કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

# દસ મહિનાથી બ્લાઈન્ડ મર્ડર ભેદ ઉકેલાયો

## રેન્જ આઈજીપીની આરઆરસેલને મળી સફળતા : સમલૈંગીક સંબંધ બાંધવાની બાબતે ઝપાઝપી થયા બાદ ગળુ દબાવીને સે-૩૦ ખાતે એરફોર્સ કર્મીની હત્યા કરી આરોપી ફરાર થઈ ગયો હતો : મધ્યપ્રદેશના રીવા જિલ્લાના એક ગામમાંથી સ્કવોર્ડે હત્યારાની કડી મેળવી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૩૦ખાતે સ્થિત એરફોર્સ કવાટર્સમાં મકાનમાં ઘુસીને એક એરફોર્સ કર્મચારીની હત્યા કરી કોઈ શખ્સ ફરાર થઈ ગયો હતો. કર્મચારીનો મૃતદેહ પણ નગ્ન હાલતમાં મળી આવ્યો હતો. દશ મહિનાથી બ્લાઈન્ડ આ મર્ડર કેશનો ભેદ આખરે ઉકેલાઈ જવા પામ્યો છે. ગાંધીનગર રેન્જ આઈજીપીની સ્કવોર્ડને આ ગુનો ઉકેલવામાં સફળતા મળવા પામી છે. સ્કવોર્ડે ત્રણ ટીમો બનાવી ટેકનીકલ સર્વેલન્સ અને ફીલ્ડ લેવલ સર્વેલન્સની કામગીરી કરીને માહિતી મેળવ્યા બાદ હત્યારાની મધ્યપ્રદેશના રીવા જિલ્લાના ખજુરાહન ગામેથી કડી મેળવીને સે-૩૦માંથી તેને દબોચી લઈ તેની ધરપકડ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

રેન્જ આઈજીપી મનોજ શશીધરે આ બ્લાઈન્ડ મર્ડર કેશ ડીટેકટ કરવા સ્પેશયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (સીટ)ની રચના કરી હતી. જેમાં આરઆરસેલમાં ફરજ બજાવતા પીએસઆઈ વી.યુ. ગડરીયાને તથા તેમની ટીમનો સમાવેશ કર્યો હતો. ટીમે ટેકનીકલ સર્વેલન્સ અને ફીલ્ડ લેવલ સર્વેલન્સની કામગીરી કરી માહિતી મેળવી હતી કે સે-૩૦માં જ રહેતા પવન શ્યામલાલ પાંડે નામના ૨૧ વર્ષીય યુવાન શખ્સે હત્યા કરી છે. જે આરોપી મુળ મધ્યપ્રદેશનો છે. માહિતી આધારે ત્રણ ટીમો બનાવીને એક ટીમ પીએસઆઈ ગડરીયા તથા માણસો મધ્યપ્રદેશના રીવા જિલ્લાના ખજુરાહન ગામે રવાના થયા ત્યાંથી કડી મળી કે હત્યારો સે-૩૦ ચ ટાઈપ બ્લોક નં. ૧૮૧/૩ માં છે. બીજી ટીમ ત્યાં મોકલી અને ત્યાંથી આરોપી દબોચી લેવાયો અને ત્રીજી ટીમ સર્વેલન્સ કામગીરી કરી રહી હતી.

પકડાયેલા પવન શ્યામલાલ પાંડેના પિતા સીઆઈએસએફમાં નોકરી કરે છે. સે-૩૦માં સરકારી કવાર્ટરમાં તેઓ રહે છે. પવનની પુછતાછમાં જાણવા મળ્યું છે કે ૨૪ નવેમ્બર ૨૦૧૫ના રોજ સાંજના સમયે અંધારુ થતાં તે ઘરેથી બહાર





ચાલવા નીકળ્યો હતો. ગુરુદ્વારા સે-૩૦ પાછળ ખુલ્લી જગ્યામાં તેને ગીલ્લુ ગ્યાસીરામ વાલ્મીકી મળ્યો હતો. ગીલ્લુ એરફોર્સમાં નોકરી કરતો હોવાની ઓળખાણ પણ તે સમયે તેણે પવનને આપી હતી. ગીલ્લુ તે સમયે નશામાં પણ હતો અને પોતાના ઘરે નાસ્તો કરવા પવનને લઈ ગયો હતો. રાત્રે સાડા બાર વાગ્યા પછી ગીલ્લુએ પોતાના શરીરમાંથી કપડા કાઢી નાંખી પવનને સૃષ્ટીકર્મ વિરૂધ્ધનું કૃત્ય કરવા લલચાવ્યો હતો. પવને પહેલા આનાકાની કરી પરંતુ ત્યાર બાદ માની ગયો હતો અને પોતે પણ કપડા કાઢી નાખ્યા હતા. જો કે ત્યાર બાદ તેનું મન બદલાઈ ગયું અને તેને સમલૈંગીક સંબંધ બાંધવાનું યોગ્ય ન લાગતા પોતાના કપડા પહેરવા લાગ્યો હતો. આ જોઈ નશામાં ધૂત ગીલ્લુ ઉશ્કેરાઈ ગયો અને બાજુમાં પડેલી લાકડાની પટ્ટી પવનના હાથે ફટકારી દીધી હતી. પવન પણ ઉશ્કેરાઈ ગયો અને ગીલ્લુને મુક્કા મારીને ધક્કો મારતા તે નીચે પટકાયો હતો અને માથે ઈજાઓ થતા લોહી વહેવા લાગ્યું હતું. ગીલ્લુએ બુમાબુમ શરૂ કરતા પવન ગભરાઈ ગયો અને મોં દબાવી રાખીને પવને ગીલ્લુનું ગળુ દબાવી દઈ મોતને ઘાટ ઉતારી દીધો હતો. મકાનમાં ટેબલ ઉપર પડેલો મોઈબલ, ઈસ્ત્રી, ચેઈનવાળી કાંડા ઘડીયાળ, થેલો અને એક હજાર રૂપિયા પોતાના ખિસ્સામાં મુકી દરવાજો આડો કરીને પવન ફરાર થઈ ગયો હતો. મોબાઈલમાંથી રસ્તામાં જ સીમ કાર્ડ કાઢીને ફેંકી દીધું હતું. આ મોબાઈલ ડીસેમ્બર માસમાં પવન પોતાના વતન મધ્યપ્રદેશ સ્થિત ખજુરાહન ગામે પોતાની અલમારીમાં સંતાડીને આવતો રહ્યો હતો. બે માસ પહેલા પવનની માતા વતન ગઈ હતી ત્યારે પવનની અલમારીમાંથી આ મોબાઈલ મળ્યો હતો અને તે મોબાઈલ પવનનો સમજીને પવનની માસીની દીકરીને વાપરવા આપી દીધો હતો. પોલીસે આ મોબાઈલ સહિત હત્યારા પવનની ધરપકડ કરી લઈ હત્યાના ગુનાનો પર્દાફાશ કરી રિમાન્ડ મેળવવા તજવીજ શરુ કરી છે.

## @ગાંધીનગર

**ગણેશોત્સવ - પાંચમો દિવસ**

● શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા સે-૨૨ રંગમંચ ખાતે રાત્રિના ૮.૩૦ કલાકે ટેલેન્ટ શૉનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ દ્વારા સેકટર-૬-ડી ભુવનેશ્વર મહાદેવ મંદિર ખાતે રાત્રે ૮.૩૦ કલાકે નાટક યોજાશે.

● યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પ્લોટ નં. ૭૮૭/૧, સે-૭-બી ખાતે બપોરના ૩ કલાકે રોગ પ્રતિકારક શકિત વધારવા માટે આયુર્વેદિક ઔષધમાંથી બનાવેલ ઉકાળાનું નિઃશુલ્કપણે વિતરણ કરાશે તેમજ સાંજે ૪ કલાકે ગણેશ વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.

● યુવક મિત્ર મંડળ દ્વારા સેકટર-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯.૦૦ કલાકે હાસ્યવંતુ નાટકનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨-સી સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા રાત્રિના ૯.૦૦ કલાકે કુટુંબ ભાવનાને જગાડતો ભાતીગળ ડાયરો 'દિકરી કાળજાનો કટકો' યોજાશે.

● વિનાયક યુવક મંડળ સે-૫-બી ગણેશ મહોત્સવ ખાતે બપોરના ૩ થી ૫ કલાક દરમિયાન ભજનનો કાર્યક્રમ યોજાશે તેમજ રાત્રે ૯.૦૦ કલાકે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● શ્રી સિદ્ધિ વિનાયક મિત્ર મંડળ દ્વારા ઘ-૧, વગડાવાળી માતાજી મંદિરના ચોકમાં સે-૩-એ ખાતે બપોરના ૨ કલાકે વિસર્જન યાત્રા યોજાશે.

● જય ગોગા યુવક મંડળ દ્વારા સે-૫-બીના મેઈન શોપીંગ સેન્ટરની સામે ગણેશ મહોત્સવ ખાતે બપોરના ૧૨.૩૦ કલાકે વિસર્જનનો કાર્યક્રમ યોજાશે.

● સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે સે-૨૩ શેઠ શ્રી ખીમજી વિશરામ હોલ ખાતે શિક્ષક દિનની ઉજવણીનો કાર્યક્રમ યોજાશે.

### ઘ-૦ પોલીસ ચોકી પાછળ વરલી રમાડતો શખ્સ ઝડપાયો : રૂ. ૧૪૫૦નો રોકડ મુદ્દામાલ જપ્ત

ગાંધીનગર, તા.૮

શહેરના ઘ-૦ સર્કલ પાસે સ્થિત પોલીસ ચોકીની પાછળ એક શખ્સ રિક્ષામાં બેઠો બેઠો વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસની ટીમે દરોડો પાડી ધોળાકુવાના શખ્સને પકડી પાડયો હતો. પીએસઆઈ એમ.પી.ચૌહાણ તથા ટીમે દરોડો પાડીને વરલી મટકાનો જુગાર રમાડવાના સાહિત્ય સાથે રિક્ષામાંથી ભીમા રાજાજી મેકવાન નામના શખ્સની ધરપકડ કરી રોકડ રૂ. ૧૪૫૦નો મુદ્દામાલ જપ્ત કરી લઈ કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

## ફિઝિયોથેરેપી કોલેજમાં આયુર્વેદ માર્ગદર્શન સેમિનાર





આયુર્વેદ એ ભારતની સૌથી પ્રાચીન ચિકિત્સા પધ્ધતિ છે. જેમાં આહાર વિહાર સાથે રોજીંદી જીવન શૈલીને આવરી લેવાઈ છે.જેના કારણે રોગ થતા પહેલા તેને અટકાવી શકાય છે અને સ્વસ્થ નિરોગી જીવન જીવી શકાય છે. આયુર્વેદ અંગે આજની યુવા પેઢીમાં જાગૃતિ વધે તેમજ તબીબી ક્ષેત્રના વિદ્યાર્થીઓ દ્વારા આયુર્વેદના ઉપયોગ થકી દર્દીને કાયમી ધોરણે રોગ મટાડવા તે પણ કોઈ આડઅસર વગર અને માત્ર ઘરગથ્થુ ઉપચારો સાથે નહિવત ખર્ચથી ઉપયોગી અસરકારક પગલા લેવાની જાણકારી પ્રાપ્ત થાય તે હેતુથી હેપ્પી યુથ કલબ દ્વારા સે-૨૨ની સરકારી આયુર્વેદ હોસ્પિટલના સંયુકત ઉપક્રમે માર્ગદર્શન સેમિનાર યોજવાનું પ્રારંભ કરાયું છે. આ અંતર્ગત સૌ પ્રથમ સેમિનાર તા. ૮મી સપ્ટેમ્બરે સે-૧૨માં સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરેપી ખાતે યોજાયો હતો. આ સેમિનારમાં સરકારી આયુર્વેદ હોસ્પિટલના તબીબ ડૉ. ધરા જાધવે વિદ્યાર્થીઓને આયુર્વેદ અંગે તલસ્પર્શી માહિતી આપી હતી. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર ડૉ. આર.જે. વ્યાસ, પ્રિન્સિપાલ ડૉ. કે. વૈદિપનાથન, હેપ્પી યુથ કલબના સંયોજક સમીર રામી તથા નર્સિંગ કોલજના આસી. લાયબ્રેરિયન અંજના બારોટ ઉપસ્થિત રહ્યા હતાં.

## સમર્પણ કોલેજ ખાતે કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો






ગાંધીનગર, તા.૮

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સંસ્થાના કોમર્સ વિભાગ, ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર તાલીમ વિભાગ તથા ઓવરસીઝ કારકિર્દી માહિતી કેન્દ્ર દ્વારા વિદ્યાર્થીઓ માટે 'કારકિર્દી માર્ગદર્શન' અંગે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વિદેશ અભ્યાસ અને વ્યવસાયની તકો પર માહિતી પુરી પાડતા આઈડીપીના મુકેશભાઈ નાગરે પાસપોર્ટ માટેની ઓનલાઈન પ્રક્રિયા તથા ડીજીટલ ઈન્ડિયા વિષે ઝીણવટભર્યું માર્ગદર્શન પુરું પાડયું હતું. આ તબક્કે સતીષભાઈ પટેલે પણ એનસીએસ પોર્ટલ તથા રોજગાર કચેરીની સ્થાનીયતા પર વાત રજુ કરી હતી. અંતે કોમર્સ વિભાગના અધ્યક્ષ ડૉ. લલીતાબેન સોલંકીએ સંસ્થા વતી સહુનો આભાર માન્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. મનીષાબેન રબારીએ કર્યું હતું. આ સેમિનારનો બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો.



કડી સર્વ વિશ્વ વિદ્યાલય ખાતે ડિપાર્ટમેન્ટ ઓફ જર્નાલિઝમના ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના હોદ્દેદારોની આજે યુનિવર્સિટીના ચેરમેન વલ્લભભાઈ પટેલ સાથે મુલાકાત યોજાઈ હતી. આ મિટીંગમાં ચાલુ વર્ષના જર્નાલિઝમના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. નવનિયુકત ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠન દ્વારા આગામી સમયમાં પત્રકારત્વ ક્ષેત્રે યુવાઓની જાગૃતિ વધે અને આ ક્ષેત્રે શહેરમાં અસરકારક કાર્ય કરનાર પત્રકારોનું સન્માન કરાય તે માટેના એવોર્ડ સમારંભ યોજવા અંગે પ્રતિબધ્ધતા દર્શાવી હતી. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલે પણ સંગઠનના હોદ્દેદારોને પુરતો સહકાર આપવાનું વચન પાઠવી ચાલુ વર્ષના વિદ્યાર્થીઓને ઝળહળતી કારકિર્દી માટે આશીર્વચન પાઠવ્યા હતા. આ બેઠકમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી સંગઠનના પ્રમુખ અશ્વિન ત્રિવેદી, મહામંત્રી કેતન પટેલ, મંત્રી જય મેરજા, મિડિયા કો. ઓર્ડિનેટર દિલીપ પ્રજાપતિ, કિશોરસિંહ પઢિયાર ઉપરાંત યુનિવર્સિટીના જર્નાલિઝમ વિભાગના કો. ઓર્ડિનેટર મિતેશ મોદી સહિત અન્ય વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## લાયોનેસ કલબ દ્વારા શાળાઓમાં રમતગમત અને ચિત્ર સ્પર્ધા યોજાઈ




ગાંધીનગર, તા.૮

ગાંધીનગર લાયોનેસ કલબ દ્વારા શહેરની શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં સે-૧૩ની સરકારી શાળામાં બાળકો માટે રમત ગમતની હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને લીંબુ ચમચી, દોડ, લાંબી કૂદ તથા ૧ મીનીટની રમત રમાડી બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જયારે સે-૫ની પ્રેરણા વિદ્યાલય ખાતે ચિત્ર હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ પાણી તથા પર્યાવરણ બચાવો વિષય ઉપર સુંદર ચિત્રો દોર્યા હતા. હરિફાઈના અંતે બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. બંને શાળાના આચાર્ય તથા શિક્ષકોનો ખુબ સહકાર પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમમાં પ્રેસિડન્ટ દેવલબેન જોષી, સેકેટરી મીત્તલ રાણા, વૈશાલીબેન જોષી તથા કલબના સભ્ય હાજર રહ્યાં હતાં.

## સંત શ્રી રોહિદાસ સેવા સમાજની રવિવારે સામાન્ય સભા યોજાશે

સંત શ્રી રોહિદાસ સેવા સમાજ (ગુજરાત) ગાંધીનગર દ્વારા આગામી તા. ૧૧ સપ્ટેમ્બરને રવિવારના રોજ બપોરે ૧ કલાકે સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભા દરમિયાન વર્ષ ૨૦૧૫-૧૬ના વાર્ષિક વહીવટ અને હિસાબી અહેવાલ અંગેની ચર્ચા વિચારણા કરવામાં આવશે. સંસ્થાના આજીવન સભ્યોને હાજર રહેવા સંતશ્રી રોહિદાસ સેવા સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ પરમારે અનુરોધ કર્યો છે.

## વાતવાતમાં

● ગૌણ સેવા પરિષદ દ્વારા ફેબ્રુઆરીમાં લેવાયેલ રેવન્યુ તલાટીની અંદાજે ૨૯૦૦ જગ્યાઓ માટેનું પરિણામ ૧૦ટકા વેઈટીંગ લીસ્ટ સાથે તાજેતરમાં જાહેર કરાયું હતું. આ પરીણામમાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને શુક્રવારે મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા ડેપ્યુટી મુખ્યમંત્રી નિતીન પટેલ તેમજ ઉચ્ચ અધિકારીઓની રૂબરૂમાં નિમણુંક પત્રો આપવામાં આવશે.

● સે-૧૬માં સિધ્ધાર્થ લો કોલેજ ખાતે શિક્ષકદિની ઉજવણીમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ઉપરાંત વિદ્યાર્થીનીઓ માટે યોજાયેલ ઈન્ટર કલાસ મહેંદી સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓએ પણ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

● સે-૬માં બુધવારે રાત્રે ભુવનેશ્વર મહાદેવ ખાતે આયોજિત ગણેશોત્સવમાં મ્યુઝિકલ ઓરકેસ્ટ્રાના કાર્યક્રમમાં જુના તથા નવા ગીતોની જુગલબંધી રજૂ થઈ હતી જેને પ્રેક્ષકોએ મોટી સંખ્યામાં માણી હતી. સે-૩-ડી ખાતે આયોજિત ગણેશોત્સવમાં શ્રોતાઓએ કચ્છના નાના ડેરાના દેવરાજ ગઢવીના ડાયરાને મનભરીને માણ્યો હતો.

● ગાંધીનગરના નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા ૨૦૧૬ના વિશેષાંક 'પ્રવૃત્તિના પગથારે' પ્રકાશિત કરાયો છે. આ અંકમાં મંડળની પ્રવૃત્તિઓ અને વાર્ષિક હિસાબો સાથે અનેક સ્વાસ્થ્ય લક્ષી જાણકારીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### જીઆઈડીસી કર્મચારી મહામંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા.૮

તાજેતરમાં ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ કર્મચારી મહામંડળની બેઠક યોજાઈ હતી. બેઠકમાં નવા હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં જનરલ સેકેટરી તરીકે રામસિંહ પરમાર, જોઈન્ટ જનરલ સેકેટરી તરીકે બી.એસ. પટેલ, ખજાનચી તરીકે કે.એલ. પરમારની વરણી કરવામાં આવી હતી. તેઓને કર્મચારી મંડળ અને પ્રમુખ પ્રવિણ એમ. સુતરીયાએ અભિનંદન પાઠવ્યા છે.

### રેશનલ સમાજની બેઠક શનિવારે મળશે

ગાંધીનગર, તા.૮

રેશનલ સમાજની માસિક બેઠક તા. ૧૦મી સપ્ટેમ્બરે સાંજે પાંચ વાગે બ્લોક નં. ૬૧/૧, ઘ ટાઈપ સે-૨૩ ખાતે મળશે.

રેશનલ સમાજના ઉપક્રમે આગામી સમયમાં રાજયકક્ષાનું વિવેક બુધ્ધિવાદીઓનું અધિવેશન યોજવાનું આયોજન કરવાનું હોઈ જેની ચર્ચા વિચારણા કરવામાં આવશે. રેશનલ વિચારસરણી ધરાવતા મિત્રોએ મીટીંગમાં હાજર રહેવા માટે રેશનલ સમાજ ગાંધીનગરના મંત્રીશ્રી પંકજકુમાર પટેલે જણાવેલ છે.

# સરકારી પ્રાથમિક શાળાઓ લર્નિંગ ડિલાઈટથી સજ્જ

## રોટરી કલબ ગાંધીનગર દ્વારા તમામ સરકારી પ્રાથમિક શાળાઓને આ સોફ્ટવેર આપવામાં આવ્યું

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરની તમામ સરકારી પ્રાથમિક શાળાઓને આધુનિક લર્નિંગ ડિલાઈટ સોફ્ટવેરથી સજ્જ કરવામાં આવી છે. રોટરી ઈન્ટરનેશનલના સહયોગથી રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા આ પ્રોજેકટનું લોન્ચિંગ કરવામાં આવ્યું છે.

પવિત્ર યાત્રાધામ નિગમના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી અને વિનાયક સ્ટીલના કરશનભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ લોન્ચિંગ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના નાયબ શિક્ષણાધિકારી સંજયભાઈ પરમારે આ સોફ્ટવેરની અગત્યતા સમજાવી હતી. ગાંધીનગર જિલ્લાની તમામ






સરકારી પ્રાથમિક શાળાઓને આ સોફટવેરથી ૧૦૦ ટકા ડીજીટલાઈઝ કરવાની સિધ્ધિ હાંસલ કરવામાં આવી છે. રોટેરીયન આશિષભાઈ દેસાઈ તથા પીડીજી જગદીશભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે આ સોફટવેરના પ્રયોગથી ખુબ સારા પરિણામો પ્રાપ્ત થયા છે. બાળકોને વિષય વસ્તુ સમજવામાં આ સોફટવેર ખુબ મદદ કરે છે. પ્રમોટર પરિણીતા ગોહિલે આ સોફ્ટવેરની ટેકનીકલ વિગતો આપી હતી.

રોટરી પરિવાર ગાંધીનગર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં દિલીપભાઈ પટેલે સમગ્ર પ્રોજેકટની વિગતવાર છણાવટ કરી હતી. અંતે આભારવિધિ ગેઝિયાના પ્રમુખ એચ.એમ. પટેલે કરી હતી. આ કાર્યક્રમમાં આસિસ્ટન્ટ ગર્વનર ઝોન એ-૫માંથી સમીરભાઈ ત્રિવેદી અને રાહુલભાઈ મહેતા ઉપરાંત રોટરી કલબ દહેગામ, રોટરી કલબ કલોલ અને રોટરી કલબ ગાંધીનગરના હોદ્દેદારો અને સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન પૂર્વ પ્રમુખ દિલીપભાઈ પટેલે કર્યું હતું.

## મહાનગર ગાંધીનગરમાં રખડતા ઢોર - કુતરાનો ત્રાહિમામ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગરને 'નીટ-કલીન' અને સ્માર્ટ સીટી બનાવવાની પ્રાથમિક ફરજ અને નૈતિક જવાબદારી મહાનગરપાલિકાની છે. રખડતા ઢોર કુતરાનું ન્યૂસન્સ દુર કરવાના કાર્યને પ્રાથમિકતા આપવી જોઈએ.

ગાંધીનગરમાં ૩૦૦૦ ઢોરો રખડતા હોવાનો અંદાજ છે. ચોમાસામાં ઉપદ્રવ વધી જાય છે. કોમન પ્લોટો, આંતરિક રસ્તાઓ, મુખ્ય માર્ગો, ડીવાઈડરો પરથી દોડતા-કૂદતા ઢોરોથી નાના મોટા અકસ્માતો થાય છે. દરરોજ ત્રણથી ચાર નાના અકસ્માતો થાય છે. આ પ્રશ્નનો ઢોરવાડો બનાવવાથી હલ મળવાનો નથી. ચાર દિશામાં ગોપાલક આવાસો બનાવી પ્રશ્ન હલ કરી શકાય. દિવસે દિવસે કુતરાઓનો ત્રાસ પણ વધી ગયો છે. દ્વિચક્રી વાહન પાછળ દોડતા કુતરાઓના કારણે અકસ્માત થાય છે. આ પ્રશ્ન અંગે ગાંધીનગર શહેરીજન સંસ્થા સે-૭-ડીના પ્રમુખ જયંતભાઈ ભટ્ટ એ મેયરશ્રી તથા સત્તાવાળાઓને રજુઆત કરી છે.

## ચિરવિદાય

- સ્વ. શંકરજી કેશાજી વાઘેલા, ઉ.વ. ૬૫
- સ્વ. સુલોચનાબેન નરેન્દ્રભાઈ ચાવડા, ઉ.વ. ૬૪